નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૨૨/૦૫/૨૦૨૩ થી ૨૮/૦૫/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|

**તા. ૨૩/૦૫/૨૦૨૩ના રોજ કલાક ૧૩:૧૦ વાગ્યે નવસારી જીલ્લાના દાંડી દરિયા કિનારે સુરત જીલ્લાના મહુવા તાલુકાના વલવાડા ગામના છ યુવાનો દાંડી દરિયામાં ઓટ જોય ઉંડે સુધી નાહવા માટે ચાલી ગયેલ જે ઓટના કારણે પરત દરિયા  કિનારા તરફ આવી શકતા ન હતા જેથી બુમા-બુમ કરતા દાંડી દરિયા કિનારે ફરજ પર હાજર દાંડી મરીન સબ સેન્ટરના મરીન હોમગાર્ડ સભ્યો (૧) જીજ્ઞેશ ટંડેલ (૨) નિતિન ટંડેલ (૩) ચંદ્રકાંત પટેલ (૪) પ્રશાંત ટંડેલ (૫) દિવ્યેશ ટંડેલ નાઓએ લાઇફ રીંગ તથા લાઇફ જેકેટ જેવા રેસ્કયુના સાધનોનો ઉપયોગ કરી દરિયાના ઉંડા પાણીમાં જઇ બચાવની કામગીરી કરી તમામ ડુબતા યુવાનોને દરિયાના પાણીમાંથી બહાર લાવી દાંડીના દરિયામાં નહાવા પડેલા છ યુવાનોને મરીન હોમગાર્ડ દ્વારા બચાવી લેવાયા.**




**નવસારી જીલ્લામાં પ્રોહીબીશન પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા તથા પ્રોહી લીસ્ટેડ બુટલેગરો તથા પ્રોહી પ્રવૃતિ સાથે સંકડાયેલ ઇસમો ઉપર વોચ રાખી, માહિતી મેળવી સફળ રેઇડો કરવા તથા શોધી કાઢવા માટે આપેલ સુચના આધારે બાતમી હકીકત મેળવી આઇસર ટેમ્પો નાંબર. DD 01 A 9706 માંથી ૩૬૯ પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલો કુલ ૭૫૪૮ નંગ જેની કીમંત રૂા.૧૪,૨૮,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા આઇસર ટેમ્પો નાંબર DD 01 A 9706 કી.રૂા.૭,૦૦,૦૦૦/ તથા અન્ય સાધનો મળી કુલ રૂ.૨૧,૩૩,૫૦૦/- ના મુદ્દામાલ એક આરોપીને પકડી પાડતી નવસારી એલ.સી.બી. પોલીસ.**

પકડાયેલ આરોપી:- યોગેન્દ્ર નારાયણ યાદવ રહેવાસી. અમરનાથ સ્ટેશન પાસે સર્વોદયનગર ઝુપડપટ્ટી, કલ્યાણ-મુંબઇ (મહારાષ્ટ્ર). મુળરહે. મજગાવા – ખુર્દ તા કેરાકટ જિ. જોનપુર (યુ.પી)



પોલીસ ઇન્સપેક્ટરની કચેરી નવસારી
મોટા બજારની નજીક નવસારી ૩૯૬૪૪૫
નવસારી ટાઉન પોલીસ સ્ટેશન તા.જિ.નવસારી
ટેલીફોન નંબર.૦૨૬૩૭-૨૪૭૫૦૫
ઇ-મેઈલ એડ્રેશ- polstn-nav@gujarat.gov.in

**પ્રેસ નોટ તારીખ.૨૮/૦૫/૨૦૨૩**

**ટ્રેનોમાં મુસાફરોના સર-સામાન ભરેલ બેગોની ચોરી કરનાર ઇસમને ચોરીના કિ.રૂ.૧,૪૧,૫૦૦/- મુદ્દામાલ સાથે પકડી પાડી ભરૂચ રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.ન.૧૧૨૧૨૦૧૦૨૩૦૧૦૫ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી નવસારી ટાઉન સર્વેલન્સ સ્કોડ**

નવસારી જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રી ઋષીકેષ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.કે.રાય સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નવસારી ટાઉન વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુન્હાઓ બનતા અટકાવવા અનુસંધાને સર્વેલન્સ સ્કોર્ડના માણસોને ઘરફોડ ચોરીના ગુન્હાઓ શોધી કાઢવા અંગે બાતમી હકીકત મેળવી અસરકારક કામગીરી કરવા જણાવેલ.

જે અન્વયે તારીખ.૨૮/૦૫/૨૦૨૩ ના રોજ પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.એચ.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોર્ડના પોલીસ માણસો સાથે નવસારી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હોય દરમ્યાન અ.હે.કો લાલુસિંહ ભરતસિંહ બકલ નંબર.૯૬૯ નાઓને તેમના અંગત બાતમીદાર મારફતે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે ગઈ તારીખ.૧૨/૦૫/૨૦૨૩ ના રોજ પોરબંદર કોચીવલી સુપર ફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાથી રૂ.૨,૩૦,૦૦૦/- મત્તાની ચોરી થયેલ હતી. જે ચોરીમા ગયેલ લેપટોપ તથા મોબાઇલ ફોન મોજે.દરગાર રોડ ઉપર આવેલ મોટી દરગાહની સામે પેઇન્ટર શેખની ગલીમા રેહનાબેન અજીજ ઇસ્માઈલ મુન્સી નાઓના કબ્જા ભોગવટા વાળા મકાનમા રહેતા મહમદ નુર શાહ વાળાની પાસે હોય અને તે પોતે હાલમા પોતાના રહેણાક મકાને હાજર છે. વિગેરે મતલબની ચોક્કસ બાતમી હકિકત મળેલ હોય જે બાતમી હકિકત આધારે બે પંચોના માણસોને સાથે રાખી મહમદ નુર શાહ ઉ.વ.૨૪ ધંધો.મજુરી હાલ.રહેવાસી. મોટી દરગાહની સામે આવેલ પેઇન્ટર શેખની ગલીમા રેહનાબેન અજીજ ઇસ્માઈલ મુન્સી નાઓના કબ્જા ભોગવટા વાળા મકાનમા નવસારી તા.જિ.નવસારી મુળ.રહેવાસી.કર્નેલગંજ તા.કર્નેલજંગ જિ.ગોડા યુ.પી વાળાના રહેણાક મકાનમાંથી ડેબીટ તથા ક્રેડીટ કાર્ડ નંગ-૦૭ તથા પાનકાર્ડ-૦૧ તથા ડ્રા.લા-૦૧ તથા મોબાઇલ ફોન નંગ-૦૨ તથા લેપટોપ-૦૨ તથા સેમસંગ કંપનીનુ એલ.ઈ.ડી કમ્યુટર ડીસ્પ્લે-૦૧ તથા VISE કંપનીનુ એલ.ઈ.ડી ટી.વી-૦૧ તથા IKONIC કંપનીનુ હેર સ્ટ્રેટંર-૦૧ તથા પકડાયેલ ઇસમની અંગ ઝડતી માથી મળી આવેલ મોબાઇલ ફોન-૦૧ સાથે મળી કુલ્લે કિ.રૂ.૧,૪૧,૫૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી પાડી ભરૂચ રેલ્વે સ્ટેશન પાર્ટ A ગુ.ર.ન.૧૧૨૧૨૦૧૦૨૩૦૧૦૫/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ ગુનાના કામે ચોરીમાં ગયેલ ડેબીટ તથા ક્રેડીટ કાર્ડ તથા પાનકાર્ડ તથા ડ્રા.લા- મોબાઇલ ફોન તથા લેપટોપ ના મુદામાલ સાથે પકડી પાડી ચોરીનો વણશોધાયેલ ગુન્હાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી- મહમદ નુર શાહ ઉ.વ.૨૪ ધંધો.મજુરી હાલ.રહેવાસી. મોટી દરગાહની સામે આવેલ પેઇન્ટર શેખની ગલીમા રેહનાબેન અજીજ ઇસ્માઈલ મુન્સી નાઓના કબ્જા ભોગવટા વાળા મકાનમા નવસારી તા.જિ.નવસારી મુળ.રહેવાસી.કર્નેલગંજ તા.કર્નેલજંગ જિ.ગોડા યુ.પી

**કબ્જે કરેલ મુદ્દામાલ-** ડેબીટ તથા ક્રેડીટ કાર્ડ નંગ-૦૭ તથા પાનકાર્ડ-૦૧ તથા ડ્રા.લા-૦૧ HONOR કંપનીનો મોબાઇલ ફોન નંગ-૦૧ તથા સ્કાય બ્લ્યુ કલરનો ઓપો કંપનીનો મોબાઇલ ફોન નંગ-૦૧ તથા સિલ્વર કલરનુ લેનોવા કંપની લેપટોપ નંગ-૦૧ તથા કાળા કલરનુ એચ.પી કંપની લેપટોપ નંગ-૦૧ તથા સેમસંગ કંપનીનુ એલ.ઈ.ડી કમ્પ્યુટર ડીસ્પ્લે-૦૧ તથા VISE કંપનીનુ એલ.ઈ.ડી ટી.વી-૦૧ તથા IKONIC કંપનીનુ હેર સ્ટ્રેટંર-૦૧ તથા પકડાયેલ ઇસમની અંગ ઝડતી માથી મળી આવેલ મોબાઇલ ફોન-૦૧ સાથે મળી કુલ્લે કિ.રૂ.૧,૪૧,૫૦૦/- નો મુદ્દામાલ

**ડીટેક્ટ થયેલ ગુનાની વિગત-**ભરૂચ રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.ન.૧૧૨૧૨૦૧૦૨૩૦૧૦૫ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

**સારી કામગીરી કરનાર અધિકારી / કર્મચારીઓ**

(૦૧) શ્રી કે.એચ.ચૌધરી પોલીસ ઇન્સ્પેકટર નવસારી ટાઉન પોલીસ સ્ટેશન

| | |
|---|---|
| (૦૨) અ.હે.કો ધુધાભાઈ દીનેશભાઈ | (૦૩) અ.હે.કો.લાલુસિંહ ભરતસિંહ |
| (૦૪) અ.હે.કો વિપુલભાઈ નાનુભાઈ | (૦૫)અ.પો.કો અશોકભાઈ દલજીભાઈ |
| (૦૭) વુ.પો.કો કવિતાબેન વક્તાજીભાઈ | |



## નવસારી જિલ્લા પોલીસ

તા.૨૭/૦૫/૨૦૨૩ ના રોજ નવસારી પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ (નેત્રમ) ખાતે મોબાઇલ ફોન તથા બેગ રીક્ષામાં ભુલાઇ જવા બાબતે અરજદારે જાણ કરતા ફરજ પરના પોલીસ કર્મચારીઓ દ્વારા નેત્રમના સીસીટીવીની મદદથી સર્વેલન્સ આધારે રીક્ષા નંબર GJ21X3129 ની ઓળખ કરી, રીક્ષાને સીસીટીવી કેમેરાના આધારે લાઇવ ટ્રેક કરી રીક્ષા ચાલક પાસેથી અરજદારશ્રીને રૂ. ૯,૦૦૦/- નો MIPhone તથા બેગ પરત અપાવતી નેત્રમ ટીમ.

